# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-10-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# DIWALI CELEBRATION

દેશભરમાં આજે ભાઈ-બહેનના પાવન પ્રેમના તહેવાર ભાઈબીજની ઉજવણી કરવામાં આવી રહી છે. ભાઈબીજને ભાઈ ફોટા , ભાઉબીજ, ભાઈ ટીકા અને યમ દ્વિતીયા પણ કહેવાય છે. આ દિવસે બહેનો ભાઈના માથે તિલક લગાવી તેમનાં લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરે છે. તેના બદલામાં ભાઈ તેમની સલામતી અને સંભાળનો સંકલ્પ લે છે.

દેવભૂમિદ્વારકા જિલ્લામાં પણ ભાઈબીજના પાવન અવસરે આજે ભક્તિ અને આસ્થાનો માહોલ જોવા મળ્યો. દેશ અને વિદેશમાંથી ભક્તો શ્રી દ્વારકાધીશના દર્શન કરવા તથા ગોમતી સ્નાન કરવા દ્વારકા પહોંચ્યા હતા. આજના દિવસે ગોમતી નદીમાં સ્નાન કરવાનું વિશેષ ધાર્મિક મહત્વ છે.

કૅબિનેટ મંત્રી ડૉક્ટર પ્રદ્યુમન વાજાએ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં સહપરિવાર સાથે દર્શન અને ધ્વજાપૂજા કરી હતી.

(વોઇસ કાસ્ટ-રાજેશ ભજગોતર,પીટીસી, ગીરસોમનાથ)

પંચમહાલ જિલ્લામાં દિવાળી બાદ બેસતા વર્ષની પણ હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી. શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં બેસતા વર્ષના દિવસે 'ઝાંપા માંડવા'ની અનોખી પરંપરા જોવા મળી હતી.

શહેરા પાસે આવેલા પાલીખંડાના મરુડેશ્વર મહાદેવ ખાતે પણ લોકોએ નવા વર્ષ નિમિત્તે દર્શન કર્યા હતા. સ્નેહીજનો અને મિત્રો પણ એકબીજાના ઘરે જઈને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

# AMIT SHAH SANAND

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે અમદાવાદના સાણંદમાં 805 કરોડ રૂપિયાના ખર્ચે શાંતિપુરા –ખોરજ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ – G.I.D.C. માર્ગના છ માર્ગીયકરણનું ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ

ઉપસ્થિત રહ્યા હતા. કુલ 28 પૂર્ણાંક આઠ કિલોમીટર લંબાઈના માર્ગનું છ-માર્ગીયકરણ બંને તરફ સર્વિસ રોડ , 13 પૂલને પહોળા કરવા સહિત એક છ-માર્ગીય ઊંચા પૂલનું પણ નિર્માણ કરાશે.

ઉલ્લેખનીય છે કે , સાણંદ અને તેની આસપાસના વિસ્તારોમાં ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ – GSRDC હસ્તકના આ માર્ગ પર ટ્રાફિકનું ભારણ વધી ગયું છે. હાલમાં દરરોજ સરેરાશ 43 હજારથી વધુ વાહનોની અવરજવરને કારણે ટ્રાફિકજામની સમસ્યા નિવારવા ચાર માર્ગીય રસ્તાને છ માર્ગીય બનાવવાની જરૂરિયાત હતી.

આ ઉપરાંત ઉલારિયા અને તેલાવ બંને સ્થળે, સાણંદ GIDC અને ખોરજ GIDC ખાતે એમ કુલ પાંચ નવા અંડરપાસ બનાવાશે. ઉપરાંત પ્રોજેક્ટ માર્ગ સાથે જોડાતા રસ્તાઓ પર 172 જેટલા નાળા / કલ્વર્ટનું બાંધકામ અથવા નવીનીકરણ કરાશે. આ પ્રસંગે શ્રી શાહ અને શ્રી પટેલે સાણંદના નાગરિકોને મળી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

## AMIT SHAH GANDHINAGAR

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ગાંધીનગરમાં સેક્ટર 17માં 28 હજાર 576 ચોરસ મીટરમાં તૈયાર કરાયેલા સદસ્ય નિવાસ સંકુલનું લોકાર્પણ કર્યું. 325 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા આ નિવાસમાં વિશાળ બગીચા , બહુહેતુક સભાખંડ , વ્યાયામશાળા અને દવાખાનું, વાહન મુકવાના સ્થળ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે.

વરસાદી પાણીના સંગ્રહ / કેચ ધ રૅઈન અને પર્યાવરણ જાળવણીના વિચારને અનુરૂપ પાણીના સંગ્રહ માટેના માળખા અને 600 વૃક્ષનું વાવેતર સાથે આ નિવાસ સંકુલ તૈયાર કરાયું છે. પ્રતિ આવાસ 238.45 ચોરસ મીટરની જગ્યામાં ત્રણ બેડરૂમ , લિવિંગ રૂમ, કિચન, ઑફિસ રૂમ અને સર્વન્ટ રૂમની સુવિધા છે.

**આ ઉપરાંત હાલના 12 બ્લોકના 216 આવાસમાંથી 10 બ્લોકના 180 આવાસમાં ફિક્સ તથા લૂઝ ફર્નિચર સાથે અને બાકીના 2 બ્લોકના 36 આવાસ ફક્ત ફિક્સ ફર્નિચર સાથે તૈયાર કરાયા છે.**

# TECH POLICING GUJ

ટેક પોલિસિંગની દિશામાં રાજ્ય પોલીસે વધુ એક સિદ્ધિ હાંસલ કરી છે. રાજ્ય પોલીસે નેશનલ ઑટોમૅટેડ ફિંગરપ્રિન્ટ આઈડેન્ટિફિકેશન સિસ્ટમની મદદથી ગત નવ મહિનામાં 80 ગુનાના ભેદ ઉકેલ્યા છે. આ અંગે માહિતી આપતાં રાજ્યના મુખ્ય પોલીસ અધિકારી – DGP વિકાસ સહાયે કહ્યું, ટૅક્નોલૉજીનો ઉપયોગ ગુના ઉકેલવાની પ્રક્રિયાને વધુ ઝડપી અને સચોટ બનાવશે. રાજ્ય પોલીસ સ્માર્ટર અને પ્રૉફેશનલ પોલીસિંગ માટે ટૅક્નોલૉજીનો ઉપયોગ કરવા કટિબદ્ધ છે.

(BYTE: VIKAS SAHAY, DGP)